ફેબ્રુઆરી-૨૦૨૦

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE

# ઝરણું

અંક ૪

તંત્રીશ્રી
પ્રકાશ પરમાર

www.gujaratichristiannews.blogspot.com

સહતંત્રીશ્રી
શૈલેષ વાણીયા 'શૈલ'



"હું તમને ચેતવું છું કે લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહિ; નહિ તો તમારા પરમપિતા તરફથી તમને બદલો નહિ મળે."

માથ્થી-૬:૧

FEBRUARY-2020

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE 'ઝરણું'

વર્ષ ૨૦૨૦ | અંક ૪

ફેબ્રુઆરી-૨૦૨૦

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE ઝરણું

તંત્રીશ્રી: પ્રકાશ પરમાર

કવિતા, લેખ, શુભેચ્છા તથા શિક્ષણ જગતને લગતી માહિતી તા. ૧૫ સુધીમાં આપનો એક ફોટો તથા ફોન નંબર આપશો.

નોંધઃ મેગેઝિનમાં છપાતા લખાણ અને જાહેરાત માટે તંત્રી કે મેગેઝિન જવાબદાર રહેશે નહિ.

જાહેરાત આપવા માટે સંપર્ક કરો
zarnuemagazine@gmail.com
96245 70190, 97240 51472



ડિઝાઈન: જેક્સન પરમાર
મો. નં. 90334 44808

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧ | વેલેન્ટાઈન ડે - શૈલેષ વાણીયા 'શૈલ' (તંત્રીલેખ) |
| ૨ | સાવધ રહીએ - ફાધર અરૂલ કઠલાલ |
| ૩ | ઋણ અદા કરીએ... - રમેશ ક્રિસ્ટી |
| ૪ | મોસમ બદલાઈ - સંજય રોન્ઝા |
| ૫ | લાભદાયક કૃતજ્ઞતા - જોન ફિલિપ મેકવાન |
| ૬ | નવસર્જન – નિલમ રોય |
| ૭ | ચાવી - અનિલ વાઘેલા |
| ૮ | સંદેશ - રસિક પરમાર |
| ૯ | લાગણી - ડો. કે. પી રાજભરતી |
| ૧૦ | માનુ ફૂલ - શાંતિલાલ ખું. ખ્રિસ્તી |
| ૧૧ | લઘુકથા: નવજીવન - પ્રીતિ ભટ્ટ... પ્રીત |
| ૧૨ | આખિર કયું? – દર્શિતા સોલંકી |
| ૧૩ | મારો પત્ર - ડો. સુરેન્દ્ર આસ્થાવાદી |
| ૧૪ | કાવ્ય વિભાગ |




અધ્યક્ષશ્રી
રેવ. ફા. અરૂલાનંદમ્



તંત્રીશ્રી
પ્રકાશ પરમાર



સહતંત્રીશ્રી
શૈલેષ વાણીયા 'શૈલ'



સંપાદકશ્રી
નિલેષ રાઠોડ



પ્રકાશકશ્રી
જોન બેડા પરમાર 'રમણ



# વેલેન્ટાઈન ડે



શૈલેષ વાણીયા 'શૈલ'

આજે જ્યારે સમયના અભાવમાં માનવી જીવી રહ્યા છીએ ત્યારે એક વાત આપની સમક્ષ મુકવા માગું છું પ્રેમથી જીવનને પ્રેમથી અંત સમય કોઈની પાસે હોતો નથી. સમય લાવવાનો હોય છે .ટાઈટલ ઉપર જઈએ તો ટૂંક સમયમાં એટલે કે ૧૪ ફેબ્રુઆરીએ સમગ્ર દુનિયામાં પ્રેમ કરવાવાળા પ્રેમીઓ આ દિવસની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.

આપણો દેશ વિવિધતામાં એકતા થી સભર છે. દેશ પ્રત્યે ગૌરવ અને માન છે કોઈપણ ઉત્સવ ઉજવતા પહેલા તેની પાછળ કોઇ ઘટના રહેલી હોય છે.વેલેન્ટાઈન ડે નું પણ કંઈક આવું છે એવું કહેવામાં આવે છે કે રોમ દેશમાં ત્રીજી સદીમાં એડિયન્સ નામે રાજા રાજ્ય કરતો હતો ,તેનું માનવું હતું કે સૈનિકો લગ્ન કરે તો દેશહિતમાં તેઓનું ધ્યાન ન રહે પોતાના બાળકો અને પત્ની પાછળ કુટુંબ પાછળ રહે એટલે તેઓએ જાહેર કર્યું કે કોઈ પણ સૈનિક કે લગ્ન કરવું નહીં.આના વિરોધમાં એક અવાજ ઉઠયો તેનું નામ છે સંત વેલેન્ટાઇન તેઓ માનતા હતા કે આ બાબત ખોટી છે તેથી તેઓએ કેટલાય સૈનિકોનાં લગ્ન કરાવી આપ્યા આનાથી રાજા રોષે ભરાયો અને સંતવેલેન્ટાઇન ને ફાંસીની સજા આપવામાં આવી તેમની યાદમાં આ દિવસ ઉજવવામાં આવતો હતો તેવું ઇતિહાસકારો જણાવે છે.

પ્રેમના અનેક પર્યાયો છે પ્રેમ શબ્દ કાને પડતા મનમાં અનેક ઉદ્દગારો રમતે ચડે. પતિ-પત્ની માતા-પિતા ભાઈ-બહેન મિત્ર પ્રત્યેનો પ્રેમ મારું માનવું છે કે માત્ર પ્રેમિકા માટે જ આજનો દિવસ નથી પ્રેમ કરનારી હરેક વ્યક્તિ માટે આજનો દિવસ છે પ્રેમ વિશે આપણે સૌ જાણીએ છીએ મીરાંની ભક્તિ ગજબની છે પ્રેમ એટલે માત્ર કૃષ્ણ ભક્તિ.

"મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ"

મગદલ્લાના મરિયમ પોતાનો પ્રેમ ઈસુની દયા, ઝંખના, સહવાસ ઈચ્છે છે. જ્યારે મારા વ્હાલા યુવામિત્રો ના મતે પ્રેમ એટલે "ઉસને બોલા કેમ છે- મૈંને બોલા પ્રેમ છે"

પ્રેમ સમયથી અલગ છે તેના માટે સમયની જરૂર ખરી કોઈ એક નિશ્ચિત દિવસ કે તારીખ પૂરતો ના.....ના....ના... માત્ર ૧૪ ફેબ્રુઆરી માટે નહીં. વેલેન્ટાઈન ડે ત્રણસો પાંસઠ દિવસ હોવો જોઈએ. પ્રેમ એટલે ત્યાગ, બલિદાન, અને સમર્પણ હેલર કેલર જણાવે છે કે પ્રેમ એક સુંદર પુષ્પ સમાન છે. જેને સ્પર્શ કરીએ તે પણ તેની શુકન જીવનના ઉપવનને આનંદધામ બનાવી દે છે ,આવો આ દિનને પ્રેમથી ઉજવીએ હેપ્પી વેલેન્ટાઇન ડે.





# સાવધ રહીએ

ફાધર અરૂલ કઠલાલ

ટાઈટલ વાંચતા ઘણાના મનમાં એક અનોખી લાગણી વિચાર થતો હશે સાવધ શબ્દ આપણને હંમેશાં સારા તરફ દોરી જાય છે, સલામતી તરફ આપણું ધ્યાન દોરે છે જીવનમાં આપણે હંમેશા સાવધ રહેવું જોઈએ ઘરમાં સમાજમાં  બજારમાં હોય દરેક જગ્યાએ આપણે સાવધ રહેવાનું છે એવી જ રીતે ધર્મમાં પણ આપણે સાવધ રહેવાનું છે પ્રભુ ઇસુ પોતે કહે છે સાવધ રહેજો ખોટા ઉપદેશો થી સાવધ રહેજો માંથીનાં સાતમો અધ્યાય 15 અન્ય બાબતોમાં સાવધાન રહેવાનું  છે એવી જ રીતે ધર્મમાં પણ રહેવાનું છે કે આપણે કોના ઉપર વિશ્વાસ રાખીએ છીએ તે બાબતમાં સાવધાન રહેવાનું છે

વિશ્વાસમાં મકકમ રહો સાચો વિશ્વાસ આ છે ભલેને અંજીરને ફૂલ ન બેસે, દ્રાક્ષની લતાઓને દ્રાક્ષ ના આવે જેતુન નો પાક નિષ્ફળ જાય ખેતરોમાં અનાજ ન પાકે વાડાઓમાં ઘેટા બકરા નાશ પામે અને કોઠારો બધા ખાલી થઈ જાય તો પણ હું પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને આનંદ માનીશ અને મારા પરમેશ્વર એ જ મારું બળ છે તે મારા પગને હરણના જેવા ચરાવે.

પિતર અને પાઉલ અદભુત કાર્ય કરતા હતા પણ તેઓ નમ્ર હતા તે લોકો તેમને પગે લાગતા હતા અને માનતા હતા કે આ લોકો અદભુત માણસો છે ત્યારે પીટર બોલ્યો ઉભા થાવ અમે તો સામાન્ય માણસો છીએ બાઇબલમાં ઘણી જગ્યાએ સાવધ રહેવા માટેકઠીન શબ્દકહેવામાં આવ્યું છે ખોટા ખ્રિસ્ત અને ખોટા પયગંબરો આવશે. સંભવ છે કે ઈશ્વરના વરેલાઓને પણ ભરમાવશે માટે પરચો અને ચમત્કારો કરી બતાવશે. જો જો મેં તમને પહેલાથી ચેતવ્યા છે.

સાવધ રહીએ ...સાવધ રહીએ.... સાવધ રહીએ



# ઋણ અદા કરીએ...

રમેશ ક્રિસ્ટી

મહેશ શાળા ના બાંકડા ઉપર બેઠો હતો. તેનાવર્ગ શિક્ષક કમલેશ આવ્યા. તેમણે મહેશ નેપૂછ્યું મહેશ કેમ ઉદાસ છે. ત્યારે મહેશએ પોતાની હકીકત જણાવતા કહ્યું કે મારા પિતાજી મરણપામ્યા છે. ત્યારથી મારી મા ઘરકામ કરીને મારું ભરણપોષણ કરે છે. પેટે પાટા બાંધીને મને ભણાવે છે પરીક્ષા નજીક આવી છે મારી પાસે ફીના પૈસા નથી. માટે રાત દિવસ મને ચિંતા સતાવે છે. માતા ના વિચાર આવે છે. હું શું કરું ત્યારે તેના પ્રશ્નોના જવાબમાં ગુરુજીએ કહ્યું કે માત્ર ભણવામાં ધ્યાન આપ બીજું ઈશ્વર પર છોડી .આજે મહેશ ખુશ છે. મકાન નું ઉદ્ઘાટન કરાવે છે.



એક દિવસ બપોરના સમયે જમી-પરવારીને કમલેશ પોતાની રૂમમાં આરામ કરી રહ્યો હતો. ત્યારે ટપાલીએ કમલેશ ના હાથમાં આમંત્રણ પત્રિકા આપી કમલેશ આમંત્રણ પત્રિકા વાંચે છે અને ખુશ થાય છે જે ગરીબ વિદ્યાર્થી ને મદદ કરી હતી તે વિદ્યાર્થીના ઘરનું ઉદ્ઘાટન તેમના હાથે થવાનું હતું .ઉદ્ઘાટન ના દિવસે કમલેશ મહેશના ગામે પહોંચી બસમાંથી ઊતરે છે. ત્યારે તેમની રાહ જોઈને ઉભેલો મહેશ પોતાના ગુરુજીના ચરણસ્પર્શ કરીને તેમને બગીમાં બેસાડી ને બેન્ડવાજા સહિત વાસ્તે ગાજતે આખા ગામમાં વરઘોડો ફેરવીને તેમનું સન્માનપૂર્વક પોતાના નવા બનાવેલા મકાનમાં લઈ જાય છે ,અને પોતાના આદરણીય ગુરુના હાથોમાં કાતર આપી લાલ રીબીન કપાવી નવા ઘરમાં પ્રવેશ કરે છે. આ સમયે મારા હૃદયમાં આનંદ સમાતો ન હતો.

મહેશ માટે પણ અનેરો આનંદ ને મહત્વનો દિવસ હતો .કેમ કે તેના ગુરુના પાવન પગલાં તેના ઘરે પડયા હતા. ગુરુ વિદાય થતાં હતા ત્યારે મહેશ એ પોતાના ગુરુ નું વૃદ્ધમાતા દ્વારા સન્માન કરાવે છે ..

કમલેશ વૃદ્ધ માતાના ચરણોમાં પડીને વિદાય લે છે.

# મોસમ બદલાઈ

સંજય રોન્ઝા

મોસમ બદલાઈ ગઈ છે. ગરમીને હરાવી શિયાળાએ એની હકુમત જમાવી છે. સમય જતા હજુ એનો નાગચૂડ ભરડો આપણી પર કસાશે. શિયાળાની સવારે નીંદર વધુ મીઠી લાગે છે, રજાઈ છોડી ને બહાર નીકળવું ગમતું નથી. આતો જવાબદારીઓ આપણી પથારી ફેરવે છે સાહેબ, બાકી આ ફુલગુલાબી ઠંડીમાં આપણે સવારે પથારીનો ત્યાગ સહેલાઇથી કરી દઈએ એવું હું માનતો નથી.

શિયાળો એટલે મનગમતી સીઝન. શાલ-સ્વેટર અને મફલરની જુગલબંધી વહેલી સવારે વહાલી લાગે છે. ગરમાગરમ ચા, મેથીના થેપલા કે, મેથીના ભજીયા આ સીઝનની શાન છે. ઉતરાણના પર્વ નિમિત્તે ઊંધિયું, જલેબી, તલની ચીક્કી, મગફળીની ચીક્કી ઠેરઠેર લોકોના દિલ જીતી લે છે. પવનની અનુકૂળતાએ પતંગ ચડે કે, ના ચડે પણ ઊંધિયાની જ્યાફત જરૂર ઉડે સાહેબ. કહેવાય છે કે, એકલા અમદાવાદમાં જ , ૧ કરોડથી વધારે રૂપિયાનું ઊંધિયું ખવાય છે? ગુજરાતીઓ તહેવારની ઉજવણીમાં ભારે ઉત્સાહી, આડે દિવસે પૈસાના રોદણાં રડતા ગુજરાતીઓ તહેવારમાં પાણીની જેમ પૈસા ઉડાવે છે.

મનગમતા કપડાં પહેરવાની-ખાવાની અને ફરવાની મજા આપતી સીઝન એટલે ઋતુઓનો રાજા- શિયાળો. નાનપણમાં અમે સીમમાં જઈ બોરડી પરથી બોર તોડી લાવતા, ખટમધુરા બોર ખાવાની મજા જ કૈક ન્યારી હતી. શાકભાજી પણ ભરપૂર, માંગો તે મળે, તરોતરાજા ભાજી હોય કે, કોઈ ફળની વાત હોય, શિયાળામાં બધું હાજર. ઠંડી, ખાંસી-શરદી બાદ કરો તો, શિયાળા જેવી જોરદાર ઋતુ કોઈ જ નહિ.

ફુલગુલાબી શિયાળાની ઠંડી ઠંડી સવારે આપને ખુબ ખુબ શુભેચ્છાઓ..





# લાભદાયક કૃતજ્ઞતા



જોન ફિલિપ મેકવાન

કૃતજ્ઞતા એટલે આભાર માનવો જે માનવીય સ્વભાવની એક મહત્વની અભિવ્યક્તિ છે. જીવન દરમ્યાન કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવનાર સ્ત્રી હોય કેપુરુષ તે એવુ સમજે છે , કે માત્ર ને માત્ર તેમના પોતાના પ્રયાસો અને સંઘર્ષથીજ તેઓ સફળતાને પ્રાપ્ત કરી શક્યા છે. તેમની સિદ્ધિઓ માં તેમના સિવાય બીજા કોઈનો ફાળો કેયોગદાન ને તેઓ સ્વીકારતાંજ નથી. પરંતુ હકીકત જુદું જ ચિત્ર રજુ કરે છે. કોઈ પણ વ્યક્તિ બીજાની મદદ, માર્ગદર્શન કે ટેકા વિના સફળતા ને પામી શકતો નથી. છેવટે પ્રભુની કૃપાઓ અને આશીર્વાદ ની પણ જરૂર પડે છે. જે ક્ષણે તમે કોઈ લક્ષ ને પ્રાપ્ત કરવાનું નિશ્ચિત કરો છો અને તેના માટે પ્રથમ ડગલું માંડો છો તેજ ઘડી થી તમે જાણ્યે અજાણ્યે ઘણી બધી અનેપેક્ષીત દિશાઓ થી સમર્થન મેળવવાનું શરૂ કરી દો છો અને આગળ વધો છો. એકલા હાથે કશુંજ પ્રાપ્ત થતું નથી. કહેવત છે કે "વાડ વિના વેલો આગળ ના વધે."




અને તેથીજ આપણે એવા લોકોનો હૃદયપૂર્વક આભાર માનવો જોઈએ કે જેઓ આપણી સફળતા માટે જવાબદાર હોય. અને તેમાં અમુક વ્યક્તિઓ હોઈ શકે છે. ઉપરાંત પ્રભુની કૃપાઓ અને આશિર્વાદોનો પણ સમાવેશ થતો હોય છે. કૃતજ્ઞતા એક સુંદર શબ્દ છે જે એવી માનસિક અવસ્થા દર્શાવે છે જેમાં સંપૂર્ણ આધ્યાત્મિકતા હોય અને તે આપણા વ્યક્તિત્વમાં મોહકતાનું ચુંબકીય આકર્ષણ પેદા કરે છે જેનેઆપણે "માસ્ટર કી" કહી શકીએ છીએ જે આપણી સુંદર અને અનંત બુદ્ધિકુશાગ્રતા સાથે જાદુઈ શક્તિ ના દ્વાર ઉઘાડવાની દિશા તરફ દોરી જય છે.

કૃતજ્ઞતા અને કૃપાદ્રષ્ટિ બન્ને એક બીજા સાથે જોડાયેલી બાબતો છે. જો માનસિક સભાનતા થી કૃતજ્ઞતાની સમજ કેળવવામાં આવે તો આપણું વ્યક્તિત્વ વધુ ગૌરવશાળી અને કૃપાળુ બનશે વળી આપણે એક પણ દિવસ એવો પસાર ન કરવો જોઈએ કે જેમાં મેળવેલી કૃપાઓ અને સહાય માટે બીજાનો આભાર વ્યક્ત ન કર્યો હોય. પ્રતિદિન આપણે આપણા રોજિંદા વ્યવહાર માં અને વાતચીત દરમ્યાન ઓછામાં ઓછું ત્રણ પ્રકાર ના શબ્દ પ્રયોગ નો ઉપયોગ કરવોજ જોઈએ અને તે આ પ્રમાણે છે. **Thank you, I am grateful to you, I appreciate you.** અર્થાત હું આપનો આભારી છું, હું આપના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું, હું આપની કદર કરું છું. વગેરે વગેરે......

બીજાની સહાય કે મદદ મેળવ્યા બાદ તેમનો આભાર માનવાથી આપણે Manners માં કેટલી સમજ ધરાવીએ છીએ તે સામેવાળી વ્યક્તિને તેની જાણ થાય છે અને લાંબે ગાળે તેના પરિણામો આપણા તરફી જ આવતા હોય છે જે લાભદાયી સાબિત થાય છે. તેમાં ગુમાવવાનું કશુંજ હોતું નથી વળી સબંધો વધુ ગાઢ બને છે. ઘણા લોકોમાં આ ગુણ ની ખોટ હોય છે તેથી તેમણે કયા કારણોસર શું ગુમાવ્યું તેની તેમને જાણ થતી નથી. આપણા સબંધો નો આધાર આપણી જીભ છે જેના દ્વારા આપણે શું બોલીએ છીએ, કેવું બોલીએ છીએ, અને કેટલું બોલીએ છીએ જે દર્શાવે છે કે સબંધો ની બાબત માં આપણે કેટલા ગંભીર છીએ. છેવટે તો વાવીશું તેવું જ લણવાનું છે. જીવન માં આવી પડનારી પ્રત્યેક મુશ્કેલીઓ ને હળવી કરવા માટે કોઈક ની મદદ કે માર્ગદર્શનની જરૂર પાડવાની જ છે આપણો સમય ક્યારે કેવો આવશે તે આપણે જાણતા નથી. તો શા માટે બીજા પ્રત્યે આભાર ની લાગણી વ્યક્ત ન કરીએ? ટૂંકમાં આભાર માનવાલાયક જે કાંઈ બાબતો હોય તેનો હૃદયપૂર્વક સ્વીકાર કરવો જોઈએ અને તોજ આપણે અન્યો દ્વારા અપેક્ષિત વધુ લાભો તથા સહાય ના હકદાર બની શકીશું.





# નવસર્જન

નિલમ રોય

જગતના પ્રારંભથી જ ઈશ્વરે સક્રિય રીતે નવી વસ્તુઓ બનાવે છે અથવા નિર્માણ કરે છે તે પરિવર્તન લાવનાર અને સૃષ્ટિને આગળ વધારનાર ઈશ્વર છે આપણા જીવનના પરિવર્તનશીલ સંજોગો દરમિયાન પણ ઈશ્વર આપણને દોરે છે અને આપણને ખાત્રી પૂરી પાડે છે કે આપણે લીધેલા દરેક પગલામાં તેઓ ઘનિષ્ઠ રીતે આપણે સાથે જ છે જ્યારે આપણે આધ્યાત્મિક સંઘર્ષો માં એકલા મુસાફરી કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણને શાંતિ અને આશા પમાડે છે. સુખ અને દુઃખ સમયમાં પોતાની હાજરી દ્વારા ઈશ્વર આપણા આત્માને સાજો કરે છે જ્યારે આપણે આપણી જાતે કશું કરી શકતા નથી ત્યારે પોતાના સામર્થ્ય વડે આપણને ઉચકી રાખે છે અને પૂર્ણ સ્થાપિત કરે છે જ્યારે ઈશ્વર આપણા જીવનમાં પરિવર્તન લાવે છે. ત્યારે આપણે આંખો ઉઘડે છે અને હૃદય ખુલ્લું



થાય છે ઈશ્વર આપણા જીવનના આખરી કરતા છે અને તેઓ તેમ કરવા ચાહે છે આપણા જીવનના દરેક સંજોગોમાં જ્યારે આપણે તેમને આવકારીએ છીએ ત્યારે ઈશ્વર આપણામાં બદલાવ સામર્થ્ય મૂકીને આપણને વિજય પ્રમાણે છે આપણા જીવનમાં પરિવર્તન લાવનાર દરેક દિવસ અમૂલ્ય છે જ્યારે ઈશ્વર આપણી સાથે છે. આપણા જીવનમાં ઉમેરાયેલું એક નવું વર્ષ નવી ખુશી અને નવી આશા આપણા હૃદયને આનંદથી ભરી દે છે ,દૂતો પણ નવા ગીતો સાથે નવા વર્ષને વધાવી લે છે અને આ નવા ગીતો ઈશ્વરના મહિમા અર્થેજ છે આપણું દરેક સંગીત કેવળ પ્રભુ પરમેશ્વર ને માટે ઈશ્વરની આરાધના કરવા માટે ઇશ્વરના પવિત્ર ભય સાથે નવું ગીત ગાઈએ પૃથ્વી પરના તમામ માનવ સાથે મળીને હજારો જુદી જુદી ભાષાઓમાં એકમાત્ર જીવન પરમેશ્વરની સ્તુતિ ના ગીતો ગાઈએ એ જ માત્ર નવા વર્ષની શુભેચ્છાઓ



# ચાવી


અનિલ વાઘેલા

સુરેખાબેન કામકાજ અર્થે બહાર જતા ત્યારે ઘરને તાળું મારી ચાવી સામેના ઘરવાળા અંજલીબેન ને આપીને જતા જેથી ઘરનું કોઇ સભ્ય કે સગાવહાલું આવે તો તેમની પાસેથી ચાવી લઈને ઘર ખોલી શકે પણ કોઈ કારણસર એમની સાથે અણબનાવ બન્યો ત્યારથી તેમને ચાવી આપવાનું બંધ કર્યું .અને બોલવાનું પણ બંધ થયું, ચાવી આપવાની મુશ્કેલી ઊભી થઇ પહેલા તો ચાવી આપીને નિશ્ચિત થઈને બહાર જઇ શકતા હતા। પણ હવે ચાવી કોને આપી એ પ્રોબ્લેમ ઊભો થયો. આજુબાજુ ચાવી અપાય એવું હતું નહીં ને સાથે ચાવી લઈ જવાય પણ નહી તો ઘરે આવનાર હેરાન થાય .

આમ એકવાર ઘર બંધ કરીને બહાર જવા તૈયાર થયા પણ ચાવી કોને આપી એની મૂંઝવણમાં મુકાયા પેલી વ્યવસ્થા ઉત્તમ હતી કે તેમને સમજાવ્યું પણ સંબંધ બગડીયા પછી તેમને આપવાનું ઉચિત લાગ્યું નહી તેમના મગજમાં એવો ઉપાય સુજ્યો મીટર બોક્સ ઉપર એક ખૂણામાં ત્યાં કોઈની નજર જાય એમ નથી તેથી તેમણે આજુબાજુ જોઈ ચૂપકીથી તેના હેન્ડલે ચાવી ભરાવી દીધી અને ચૂપચાપ ચાલી નીકળ્યા

પ્રશ્ન ઉઠ્યો કે મીટર બોક્સ એચાવી લટકાવી કોને ખબર પડવાની છે?

બન્યું એવું કે તે જ દિવસે વડોદરા થી તેમના બેન બનેવી આવ્યા પણ તેમને થયું કદાચ સામે ચાવી આપી હશે તેથી તેમણે સહજ ભાવે તેમને પૂછી જોયું ચાવી તમને આપી છે? અંજલીબેન કહ્યું સામે મીટર બોક્સ આગળ જુઓ ત્યાં ભરવેલી હશે.







# સંદેશ

રસિક પરમાર

**Pope Francis on Sunday urged people to talk to each other at mealtime instead of using their mobile phones, citing Jesus, Mary and Joseph as an example for families to floow. The "prayed, worked and communicated with each other" the Pope tele the faithful grthered in St, Peter's sauare. during his weekly Angelus address. I ask myself if you.in your family, know how to communicate or art you like those kids at mealtabies where everyone is chatting on there the Pope said. "We have to get back to communicating in our families" Francis said in his unscripted. remarks. Father's, parents.children, grandparents, brothers and sisters ,this is a task to undertake today's ,on the day of the holy family feast(** પોપ ફ્રાન્સિસે રવિવારે લોકોને તેમના મોબાઈલ ફોન નો ઉપયોગ કરવાને બદલે જમવાના સમયે એકબીજા સાથે વાતચીત કરવા તાકીદ કરી હતી.અને એ માટે ઈસુ અને માતા મરિયમ અને સંત જોસેફ નું ઉદાહરણ આપે છે.અને કહ્યું હતું કે પ્રાર્થના કરી, કામ કરી, અને એકબીજા સાથે વાતચીત કરી ઃ

પોતાના અઠવાડિક સંદેશ આપતા જણાવ્યું હતું કે મારી જાતને પૂછું છું કે શું તમે તમારા કુટુંબને સંદેશાવ્યવહાર કેવી રીતે કરવો તે જાણો છો? અને તમે કેવી રીતે ભોજન ખંડ માં બાળકોને પંસદ કરો છો. જ્યાં દરેક વ્યક્તિ મોબાઇલ પર ચેટીગ કરે છે.

પોપ ફ્રાન્સિસે વધુ માં જણાયું કે" આપણે અમારા પરિવારોમાં પાછા જવું પડશે.પિતા, માતા પિતા અને દાદા દાદી અને ભાઇઓ અને બહેનો પવિત્ર કુટુંબ ના તહેવાર નિમિત્તે હવે થી આ કાર્યે કરવાનું છે.

મને ઉપરના આપણા પોપ ફ્રાન્સિસે આપેલ સંદેશ દ્વારા લોકોને ખાસ કરીને દરેક વ્યક્તિ માટે આ મોબાઇલ અને સોશ્યલ મીડિયા નો ઉપયોગ કેવી રીતે કરવો તે માર્ગદર્શન આપ્યું છે. મને લાગે છે કે આપણે ખરેખર આ બાબતે વિચાર કરીએ અને આપણા સૌના કુટુંબને એકદમ પારદર્શક બનાવીએ.દરેક જણ મોબાઇલ અને સોશ્યલ મીડિયા નો ઉપયોગ ખૂબજ સારી રીતે કરી રહ્યા છે પણ ક્યારેક ક્યારેક એવો અનુભવ થાય છે કે આપણે કુટુંબ અને સમાજ અને ધર્મ થી ક્યારેક દૂર થઇ ગયા હોય છે. કયારેક મોબાઇલ પર



વાતચીત દરમિયાન સમય અને સ્થળ કે આપણી આસપાસ ઉભેલા લોકોનું અવમૂલ્યન કરતા હોય છે. ફોન કે મેસેજ દ્વારા લોકો સુધી આપનો સંદેશ પહોંચાડી દેવાયો હોય છે , પણ ક્યારેક આપણે એમને રુબરૂ મુલાકાત કરી ને એમની સાથે વાતચીત કરી હોય?

આજે ખૂબ જ જરૂરી છે એકબીજા સાથે જોડાયેલા રહેવું અને આપણાં માતા-પિતા અને બાળકો સાથે હંમેશા સાથે બેસીને વાતો કરતા રહેવું જોઈએ. બાળકોને માટે સમય આપવો અનિવાર્ય બની ગયો છે.

તો આવો આપણે સૌ એકબીજા સાથે વાતચીત થીં જોડાયેલા રહીએ.એક કુટુંબ ની ભાવનાને જાગૃત કરીએ.

# લાગણી




ડો. કે. પી રાજભારતી

હૃદયને પ્રેમ ન મળે કે લાગણી ન મળે તો શરીર નું આખું અર્થતંત્ર બગડી જાય છે. હૃદય પાવરહાઉસ છે અને મગજની ઇલેક્ટ્રોગનેટીક એનર્જી કરતા ઉદય ૫૦ ગણી વધુ ઇલેક્ટ્રિકલ એલર્જી પેંદા ના કરે છે. તમે જ્યારે પ્રેમી કે પ્રેમિકા ને પત્ર લખો છો કે પ્રેમની અભિવ્યક્તિ કરો છો ત્યારે સામા પાત્ર ના હૃદયમાં અને સમગ્ર શરીરમાં ઇલેક્ટ્રિકલ એનર્જી પેદા કરો છો પુરુષ કરતાં સ્ત્રીઓ કેમ ટોળે વળીને કીર્તન કે કીટી પાર્ટીઓ રાખે છે?

પક્ષીઓ એકસાથે જાળમાં પકડવામાં આવે ત્યારે તમામ પક્ષીઓના ઉદયમાં એક સરખો ફફડાટ અને જાળ માંથી છૂટવાનો એક સરખો પ્રયાસ હોય છે તેને કારણે જ બધા પક્ષીઓ એક સાથે ઉડીને આખીજાળને ઉચકીને અધર લઈ જાય છે સ્ત્રીઓ એક સાથે વધુ રહે છે તેમનામાં પણ વધુ આત્મવિશ્વાસ આવે છે. સ્ત્રી કે પુરુષને પ્રેમ મળતો હોય ત્યારે તેની ઈમયુન સિસ્ટમએટલે કે રોગ પ્રતિકારક શક્તિ વધી જાય છે. પ્રેમ ન પામનારી સ્ત્રી રોગ ગ્રસ્ત રહીને એકલતાના બે કિનારા સર્જે નવી પ્રેમધારા.....

આપ કે મુહસે નીકળે તો શબ્દ સે
ઇતિહાસ બન સકતા હૈ ઓર એક ગલત
શબ્દ સે મહાભારત હો સકતા હૈ
અત્. સ્વયં કો સુધારે.





# મા નુ ફૂલ

ઝરણું
ફેબ્રુઆરી-૨૦૨૦

શાંતિલાલ ખું.ખ્રિસ્તી

સીમા પરણીને સાસરે ભર્યું ભાર્યું ઘર...આદર માન અને મર્યાદાનો માહોલ પ્રાર્થના ઉપાસના અને વહાલયમાં પવિત્રતા માં નવપરણિત સીમા પવિત્રતાના પર્યાવરણ માં પ્રવેશતા ખુબ આનંદ ખુશી નવતર સેતુ બંધન

જય પરિવારનો મોટો દીકરો ધાર્મિક શિક્ષણ ઈશ્વરના આપેલા તાલત તથા ઈશ્વર તરફથી પવિત્ર આચ્છાદિતપણામાં આદરણીય પણ આમાં પણ સૌને પ્રિય ને કાર્યમાં સક્ષમ તત્પરતા અને ભાવસભર ને સીમા મળતા સોનામાં સુગંધ ભળતા બંને પરિવારમાં સંતોષ. અરે ઈશ્વરે જય સીમા ની જોડી બનાવી સીમા શાંત નમ્ર પ્રેમાળ ફૂલની કળી મળતીમહેકતી અને એના જ અંબોડે ગુલાબના ફૂલની સાથે રાખેલ નાની ડાળખીકેવી સોહાય બસ એનું લાવણ્ય ... દિસે

જય નંદ પણ દરરોજ નવી જ ડાળખી ગુલાબના ફૂલ સાથે લાવી સાદગીભર્યા ફુલ જોડાયેલા અંબોડામાં જાતે જ ખોશે ત્યારે સીમા શરમાઈ જાય સાથે બિડાઈ જાય, જય આવું જ આપણું ફુલ હોય તો જય સંકોચાતા કોઠે હાસ્ય કરી જતો... રહે. પ્રાર્થના વાદી ધાર્મિક પરિવાર જય સીમા ને જોઈ ખાસ અને ઈશ્વર હવે કંઈક પયગંબર રૂપે ફૂલ જેવું બાળક આપે સૌની ઇચ્છા આ જય સીમા માટે મહેચ્છા તો ખરી જ

પરંતુ ઈશ્વર પાસે સમયના અખબારમાં હોય છે જે સમય પૂર્ણ થતાં એ કૃપા દાન પણ મળે છે ને એમ જ સમયની સંપૂર્ણતા એ જય સીમા અને સૌની ઇચ્છા પૂર્ણ થઈ સુંદર ફૂલ ઈશ્વર તરફથી બાળક અવતર્યું સીમા ની જય પિતા બને છે સૌને આનંદ થયો ઈશ્વરનો આભાર માન્યો. બાળક સુંદર ગુલાબનો ગોળ મોટો ચહેરો અંગ-ઉપાંગ ની કેવી સુંદરતા માથે સુંદર વાળ આંખો ની તેજસ્વિતા હોઠ પર હાસ્ય બસ અનોખુ બાળક જાણે ગુલાબનું ફૂલ સૌ આનંદ વિભોર. વ્હાલ લાડ-પ્યાર બાળમસ્તી હાસ્યથી મીઠો કલરવ કેવું અદભુત બાળક સંતાન ફુલ ખીલતું અને વધતું મહેનતુ અને ચમકતુ ગાલે ખંજન ની ધડકતા હાથ પગ હલાવી ખુશ આ બાળક માને

ચોટીપડતો અને માતા ખુશ થતા ચૂમીઓથી નવડાવી દે ને અમીઝરણાં એ રસપાન કરાવે અને પછી એવો ઉંઘી જતો કે સૌને ચુપ રહેવું પડે. બાળકની સુંદરતા પવિત્રતા પયગંબર નો અવતાર એટલે સીમાનું ફુલ સુંદર લાલમ લાલ ગુલાબ સ્વર્ગીયદૂત જ ન હોય હા ..મા નું ફુલ. બાળક સૌ કોઈને ગમે.





# લઘુકથા: નવજીવન

પ્રીતિ ભટ્ટ... 'પ્રીત'

અરે સખી, 'ચાલ હવે બહાર ફેકાવા અને અદલાવવા તૈયાર થઇ જા. એમ પણ આપણી કિંમત કયાં કોઇ કરે છે. સાચ્ચે,આપણા વગર કોઇને ના ચાલે તોયે ખાંસડી કહી લાત જ મારે છે દિલમાં તો કદી જગ્યા મળી જ નથીં.'

'હા,ને એમે હું તો જો ને સાવ ઘસાય ગઇ છું, સખી તું ઘસાય ગઇ છો ને મારી ઉપરથી પણ બધુ ચામડું નીકળી ગયું છે.'

બંને ઘરના દરવાજેથી ફેંકાય કચરાપેટી પાસે વિરુદ્ધ દિશામાં જઇને પડી. દુરથી બંને અશ્રુ વહાવતા એકબીજાને સાંત્વન આપતાં આપતાં: "આપણી આ જ નિયતી છે. માલિકને કદર જ નથી માટે વિખૂટા પડવાનો અફસોસ ન કરીયે આપણે."

બંને સખીઓ નસીબના જોગે હવે અલગ અલગ જ અટવાવાના એ વિચારે ડૂસકા ભરતી પડી રહી.

વહેલી સવારે એક ગરીબ બાળકે બંનેને પડેલી જોઇ ઘરે લઇ આવ્યો. બાળકે બંનેને ચોખ્ખા કપડાંથી લૂછી ગુંદરથી બટન લાગવી તુટેલા ભાગને સાંધી ઘસાયેલા ભાગ ઉપર પૂંઠું લગાવી સુંદર બનાવી દીધી. બાળકે તૈયાર કરી હાથમાં લઇ ચૂમતા બોલ્યો; "વાહ કેટલી સુંદર લાગે છે, તું આવી ગઈ એટલે હવે મારા બાપુના પગે છાલા નહીં પડશે." બાપુએ દિકરાનો પ્રેમ જોઇ બંનેને માથે ચડાવી પગે પહેરી લીધી.

બંને સખીઓ આજે ગરીબના હાથે માન સન્માન પામી ખાસળીમાંથી ચુમ્મી સાથે મારી વ્હાલી ચપ્પલના નામે માથે લાગતા ખૂબ ખુશ થતાં નવજીવન મેળવી પોતાના કાર્યની નવી શરૂઆત હર્ષભેર કરવા લાગી.





# આખિર ક્યું?

દર્શિતા સોલંકી

ઇશ્વરની બનાવેલી સુંદર રચના એટલે સ્ત્રી. સ્ત્રી એ ઈશ્વરે આપેલી એક અણમોલ ભેટ છે. જેનું મહત્ત્વ જેટલું આંકો તેટલું ઓછું છે. પરંતુ પહેલેથી જ તેને હંમેશા પુરુષથી નીચે જ ગણવામાં આવે છે. આ પુરુષપ્રધાન દેશમાં સ્ત્રી ગમે તેટલા શિખરો પાર કરે તોય પ્રાધાન્ય તો પુરૂષોને જ મળે છે. એક સ્ત્રી જ્યારે જન્મે છે બાળકી તરીકે ત્યારે તેની મા તેની બોડીગાર્ડ હોય છે. તેને સાચવે, ખવડાવે, સુવડાવે, એને લાડ-પ્યાર થી ઉછેરે તેનું લાલન-પાલન કરે. એ જ દીકરી જ્યારે મોટી થાય ત્યારે બાપની છાયામાં તેનો ઉછેર થાય. બાપ ને પૂછ્યા વગર ક્યાંય ના જવાય. મા બાપ જે કહે એ જ કરવું પડે એટલે સ્વતંત્રતા તો બિલકુલ નહીં. ચલો એ પણ સમજીએ કે દીકરી નાની હોય એનામાં સમજણ ઓછી હોય એટલે મા-બાપ સો ટકા સાચા. અને એમ પણ મા-બાપ પોતાના બાળકોને હંમેશા નાના જ ગણતા હોય છે.

હવે જ્યારે દીકરી મોટી થઈ જાય અને તેને પરણાવવામાં આવે છે ત્યારે ઉપરની સ્થિતિ એની એ જ રહે છે ફક્ત બોડીગાર્ડ બદલાય છે. હજીયે સ્ત્રી તો ગુલામ જ છે અને એટલી હદે કે એના માં-બાપને મળવા જવાની પણ તેણે તેના પતિ પાસેથી રજા લેવી પડે છે. એ જ મા-બાપ જેમણે તેના માટે એના પતિની પસંદગી કરી હતી.

વાહ રે સમાજ?





# મારો પત્ર

ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી

૧૮ પાનનો 'ઝરણું' જાન્યુઆરી ૨૦૨૦નો અંક પૂરેપૂરો એક જ બેઠકે વાંચ્યો. સારો લાગ્યો. તેમાં ઈસુ-ઈશ્વરનાં ગુણગાન છે. માનવતાનો ઉલ્લેખ કરાયેલો છે.

અસરકારક વાર્તાઓ પણ છે. સંક્ષિપ્ત, સરળ અને ઉપયોગી વાંચન સામગ્રી આપવા માટે દરેક લેખકે સારો અભિનંદનને પાત્ર પ્રયાસ કરેલો છે.

લેખકો શૈલેષ વાણિયા, પ્રીતિ વાણિયા, નિલેશ રાઠોડ, ફા.અરુલ, રમેશ ક્રિસ્ટી, નિલમ રોય, સંજય રોન્ઝા, ડૉ.રાજભારતી, જોન ફિલીપ મેકવાન, ફ્રાન્સિસ ગાલુસ, લોરેન્સ રાઠોડ તથા કવિશ્રી રાજેશ પરમાર, જયંતી રાજબંધુ અને હિતેશ સૂતરિયા ઉપરાંત તંત્રીશ્રી પ્રકાશ પરમારની સમાજલક્ષી સાહિત્યિક સેવાઓને બિરદાવતાં આનંદ થાય છે.

**Congratulations to all.**




પ્રતિ શ્રી,

લેખક ગણ

'ઝરણું' E-MAGAZINE પરિવાર

पिन PIN

(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this line)



નિલેષ રાઠોડ - સંપાદક

## માટી...

જે બાજુ એ જોવો સરખી માટી.

અનેક રંગોથી રંગી છાંટી ;

હ્રદયે રહે દિનરાત તરસ્યા.

આંખને રમે અનેક ગુલાતી ;

તારા સિવાય બીજું કોણ? ઉગારે.

છોડ ને ગુચવાડાથી ભરેલ આંટી ;

રાખને એથી વધારે લાગણી.

થોડી આછી "નિમી" રાખો ઘાટી ;

ઓળખ્યો મે દુનિયાનો મહિમા.

મજદાર છોડી ગયા નાવ પલટી ;



પ્રીતિ વાણીયા 'પ્રીત'

## બાગે....

પુષ્પો ખીલે આજે

કિલકારી ઉઠી બાગે..

કળીએ વસંત ગવાયો

સુગંધ પ્રસરે બાગે..

કેટલા  સમીપ મારી

નિહાળી ઉઠી બાગે..

રંગબેરંગી ફૂલ ખીલ્યા.

ગમશે તમને બાગે..

કોયલ બોલે કાને

મહેંકી ઉઠી બાગે..



**જોન બેડા પરમાર 'રમણ'**

## આહ્વાન

પ્રભુ પિતા તમે આવો વાટ જુએ આ વાળો

દર્શન કરીને રાજી થાય પ્રભુ ઈસુ તમે આવો

સાથે મારીયા માને લાવો મારુ જીવન પાવન થાય

પાવન આત્મા આવો મારા દિલ ને શુદ્ધ બનાવો

મારા દિલમાં આનંદ થાય પવિત્ર ત્રૈકય આવો

મારા ઘરમાં પગલાં પાડો મારા ઘરનું તારણ થાય



**હિતેશ સુતરીયા**

## ઉત્તરો લઇ ફરું છું..

તારી યાદોની મુંગી વેદનાનો ભારો લઇ ફરું છું.
આંખો થઈ ગઈ શુષ્ક છતાં તહેવારો લઇ ફરું છું.

પૂનમની આ પ્યારી રાતો તને મુબારક છે,
હૈયાના વલોપાતમાં હું અંધકારો લઇ ફરું છું.

તુજ આવવાની આશમાં વસંતનો ઇંતજાર છે,
આ ઠગારી આશા સાથે પાનખરો લઇ ફરું છું.

ફરે છે હવે આ કાયા આત્મા વિના જ,
આ શહેરમાં ઓળખાણ નજરો લઇ ફરું છું.

નથી સમજાઈ મને આ પ્રેમની આંટી-ઘૂંટી,
'હરિશ' પ્રશ્નની સાથે હું ઉત્તરો લઇ ફરું છું.

# કાવ્ય વિભાગ



ગિરીશ નીલગિરિ

## આંસુ

પ્રત્યેક સંધ્યાએ વહાવ્યાં છે આંસુ.
જિન્દગીની પરવા વિના વહાવ્યાં છે આંસુ.

ભૂતકાળને વાગોળીને આસ્વદ્યા છે આંસુ,
યાદોની વણઝારથી સજાવ્યા છે આંસુ.

સુખની ક્ષણોમાં મધુર દુઃખ સ્મરીને,
ફૂલોની સેજમાં બિછાવ્યાં છે આંસુ.

ગીતોના ગુંજારવથી ધડકતાં દિલમાં,
જખમો સમજીને બિરદાવ્યા છે આંસુ.

ન કરો યાદ એ ફૂલોને તો સારું,
કાંટા સમજીને દિલમાં સમાયા છે આંસુ.

દિવસ, માસ, વર્ષો વીત્યા કેમ ન જાણ્યું,
દરેક પળ ઇંતજાર કરીને સુકાયા છે આંસુ



રાજબંધુ જયંત એમ.

## ફરક

ના રહે સગપણ વચા આવરણ
લાગણીઓનું થાય હર કદમ વિસ્તરણ
ટેરવા પર ઘસા હંમેશા લીલુ ઉગશે
સ્પર્શનું જ્યાં થાય ભીનું સ્મરણ
આગમન લો કોઈનું કેવું થાય
રંગ ભીનું થઇ ગયું છે વાતાવરણ
મંઝિલ પહોંચી જઈશું કોક દી
આજ છો ને ઠોકરો ખાતા ચરણ.
લ્યો વરસ કે જિંદગીમાં ક્યાં ફરક?
ઠેસ લાગી ને.... પછી.... ફૂટ્યા ઝરણ.



કલેરા ક્રિશ્ચયન

## શું કરું હું. શું કરું?

રોજ રોજ પરોઢિયે થતાં તરત જ ઊઠી જવાનુ,
ધોળું મોળું દૂધ ન ભાવે તોય ગટ ગટ પીવાનું
ના ભાવે શાક હોય બસ ફરજિયાત ખાવાનું,
મારી મરજી હોય ના સમજ, સૌ કહે એ કરવાનું
શું કરું હું, શું કરું?

થોથાં ભારે ઉચકી ઉચકીને નિશાળે જવાનું,
ત્યાંથી પાછા આવીને ટ્યુશન ક્લાસમાં ભણવાનું
કમર દુઃખે કે પગ દુઃખે પણ લેસન તો કરવાનું,
ભલેને લાગે થાક તોય કલાક તો વાંચવાનું,
શું કરું હું, શું કરું?

વડ ની ડાળે બેસીને પંખીઓ સંગ રમ્યા કરું
ઝરણાં કાંઠે માછલી સંગ ડૂબકીદાવ લગાવું.
પર્વતના શિખરે જઈને હું મોટી બૂમો પાડું,
વાદળોનો ઘોડો કરીને આભ મહીં જ ઊડ્યા કરું.
શું કરું હું, શું કરું?